No. of Printed Pages : **6**

**9210**

Register Number | | | | | | |

# Language – Part I – GUJARATI

Time Allowed : 3.00 Hours ] [ Maximum Marks : 100

**સૂચના :** (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગે તો, ખંડ પરિનિરીક્ષકને તુરંત જાણ કરવી.
(2) લખવા માટે કાળી અથવા ભૂરી સ્યાહીનો ઉપયોગ કરવો.

**ભાગ - I**

**(15 Marks)**

યોગ્ય વિકલ્પ શોધીને લખો. **15x1=15**

Answer the following questions by choosing the **correct** alternatives.

**1.** સકળ લોકમાં સહુને વંદે __________ ન કરે કેની રે.
(a) ઈચ્છા (b) નિંદા (c) આશા

**2.** નદીને __________ નું બિરુદ આપવામાં આવ્યું છે.
(a) માતા (b) બહેન (c) દીકરી

**3.** અંક અને અક્ષર જાણવાથી __________ સમૃધ્ધ થાય છે.
(a) જીવન (b) સમય (c) જ્ઞાન

**4.** જન્મોત્સવ પાઠના લેખક __________ છે.
(a) ગુણવંત શાહ (b) વિનોદ જોષી (c) સુરેશ જોષી

**5.** સદાવ્રત __________ શરૂ કર્યું.
(a) સુંદરજી શેઠ (b) ફોજદાર (c) જમીનદાર

**6.** કુંડલકેશી __________ ની કન્યા હતી.
(a) સૂર્ય (b) કુબેર (c) ઈન્દ્ર

**7.** કેમ ભાઈ પટેલ, તુ પેટિયું નથી લેતો. આ વાક્ય કોને ઉદ્દેશીને કહે છે.
(a) શેઠ કાળુને કહે છે (b) સિપાઈ કાળુને કહે છે (c) કાળુ રાજુને કહે છે

8. __________ નદીમાં પૂર આવ્યાં.
   (a) શેતરુંજી (b) નર્મદા (c) તાપી

9. 'શિકારીને' કવિતાના કવિ __________ છે.
   (a) વિનોદ જોષી (b) ભારતીયાર (c) કલાપી

10. શ્રીનિવાસ રામાનુજનનો જન્મ __________ સાલમાં થયો હતો.
    (a) 1889 (b) 1887 (c) 1886

11. ભારતીજીએ __________ કાવ્યો દ્વારા પ્રજામાં જાગૃતિ પેદા કરી.
    (a) લોકગીત (b) દેશભક્તિ (c) દેવભક્તિ

12. ઈ.સ. __________ માં મુસ્લિમ શાસક મલિકાફૂરએ મિનાક્ષી મંદિરમાં લૂટફાટ કરી હતી.
    (a) 1310 (b) 1320 (c) 1330

13. કાલિન્દીના જળ પર __________ ની ડાળી ઝૂકી.
    (a) ચંપા (b) કદંબ (c) આંબા

14. <u>તે</u> આ શું કર્યું ? રેખાંકિત શબ્દ ઓળખાવો.
    (a) સંજ્ઞા (b) વિશેષણ (c) સર્વનામ

15. ભારત __________ સાલમાં આઝાદ થયું.
    (a) 1949 (b) 1947 (c) 1948

**ભાગ - II**

**(18 Marks)**

**વિભાગ - 1**

કોઈપણ ચાર પ્રશ્નોનાં જવાબ આપો. **4x2=8**

Answer **any four** of the following questions.

16. મોહમાયા કોને સ્પર્શી સક્તા નથી?

17. ફગફગિયો દીવો બુઝાઈ જવાની સાથે બીજી કઈ ઘટના બની ?

18. જો વર્ષા વરસે નહી તો ભૂલોકમાં શું થાય ?

19. સંઘ કાળને તમિલ સાહિત્યનો ક્યો યુગ કહેવામાં આવે છે ?

20. ગાંધીજી પાસે ક્યુ સશક્ત હથિયાર હતું ?

21. ધ્રુવ કેવો છોકરો હતો ?

## વિભાગ - 2

કોઈપણ પાંચ પ્રશ્નોનાં જવાબ આપો. 5x2=10

Answer **any five** of the following questions.

22. આંબા પટેલની ઘોડીનું નામ શું હતું ?

23. ભૂખથી મજબૂર ભિક્ષુક ક્યા જઈને ભીખ માંગે છે ?

24. કાવેરી નદી ક્યા પર્વત પરથી નીકળે છે ?

25. રામાનુજનને બી.એ.ની ડીગ્રી કોણે આપી ?

26. શબ્દાર્થ લખો :

(a) વિવાહ (b) ભૂકંપ

27. વિરૂધ્ધાર્થી શબ્દ લખો :

(a) નજીક (b) શહેર

28. અંગ્રેજી શબ્દનો ગુજરાતી શબ્દ :

(a) બ્રધર (b) કલર્ક

## ભાગ - III

**(18 Marks)**

### વિભાગ - 1

કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ આપો. **2x3=6**

Answer **any two** of the following questions.

**29.** ભારતની એકતાનું પ્રતિક કોણ છે ?

**30.** કુર્ગ ક્યાં આવેલું છે ? તેમાં કઈ પર્વતમાળા છે ?

**31.** વચન બદલો :

(a) દિવસ (b) નદી (c) ઘરેણું

### વિભાગ - 2

કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ આપો. સવાલ નં. **34** ફરજીયાત છે. **2x3=6**

Answer **any two** of the following questions. Question No. **34** is **Compulsory**.

**32.** તમને આવડતું એક તિરૂકુરલ લખો.

**33.** ડુંગર અને તેની પત્ની ક્યાં જતા હતા ? તેની પત્ની શુ શોધતી હતી ?

**34.** (a) ગુજરાતી વ્યક્તિની શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

**અથવા**

(b) 'પરસ્ત્રી જેને માત રે' - પંક્તિ સમજાવો.

### વિભાગ - 3

કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ આપો. **2x3=6**

Answer **any two** of the following questions.

**35.** વચનના કેટલા પ્રકાર છે? ક્યા ક્યા ?

**36.** અર્થાલંકારની વ્યાખ્યા આપો.

**37.** સમાસ વિગ્રહ કરો :

(a) નવરાત્રિ (b) ત્રિકોણ (c) કર્ણપ્રિય

## ભાગ - IV
**(25 Marks)**

દરેક પ્રશ્નોનાં જવાબ આપો. **5x5=25**

Answer the following questions.

**38.** (a) વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

**અથવા**

(b) હૃદયની વ્યથા કાવ્યમાં કવિને શું જોઈને દુઃખ થાય છે ?

**39.** (a) તમારી તબિયત સારી ન હોવાથી તમે શાળાએ આવી શકો તેમ નથી તેની રજા માંગતો પત્ર વર્ગશિક્ષિકાને લખો.

**અથવા**

(b) તમારી શાળામાં ઉજવાયેલ 'યુર ફેસ્ટીવલ' વિશે માહિતી આપતો પત્ર તમારી સખી ને લખો.

**40.** ગુજરાતીમાં અનુવાદ કરો.

Cricket is my favourite sports. It has its origin in England. There are two teams in the game of cricket. Each has eleven players. There is an Umpire also. I like cricket very much.

**41.** નીચે આપેલ ગદ્યાર્થ વાંચી સવાલના જવાબ આપો.

નદી પર્વત પરથી ઉદ્દગમે છે. તે આપણને પાણી આપે છે. સૌપ્રથમ તે ઝરણા રૂપે વહે છે. ત્યાર પછી બીજા ઝરણા તેની સાથે જોડાય છે. નદીનું પાણી મીઠું હોય છે. નદી પર બાંધ બાંધવામાં આવે છે. અને કેનાલ દ્વારા પાણી ખેતરમાં સિંચાઈ માટે વાપરવામાં આવે છે. તેને માતાનુ બિરૂદ આપ્યું છે.

**પ્રશ્નો.**

1. નદી સૌપ્રથમ કઈ રીતે વહે છે?
2. નદીનું પાણી કેવું હોય છે?
3. નદીનું પાણી શેના માટે વાપરવામાં આવે છે?
4. નદીને શેનું બિરુદ આપવામાં આવ્યું છે ?
5. આ ગદ્યાર્થને યોગ્ય શિર્ષક આપો.

**42.** (a) જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| 1. | કાવેરી નદી | - | શ્રી વે. કૃષ્ણમૂર્તિ |
| 2. | હૃદયની વ્યથા | - | ગુણવંત શાહ |
| 3. | વતનથી વિદાય થતાં | - | સંકલિત |
| 4. | વાઈરલ ઈન્ફેક્શન | - | જયંત પાઠક |
| 5. | કુંડલ કેશી | - | શ્રી રામલીંગ અડીગલ |

**અથવા**

(b) દક્ષિણમાં આવેલ કલ્યાણ મંડપનું વિસ્તારથી વર્ણન કરો.

[ Turn over

## ભાગ – V

**(24 Marks)**

નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ આપો. **3x8=24**

Answer the following questions.

**43.** (a) 'વૈષ્ણવજન' કવિતાની પ્રથમ દસ પંક્તિ લખો.

**અથવા**

(b) 'દીકરી' કવિતા લખો.

**44.** (a) નિબંધ લખો : 'રક્ષાબંધન' અથવા 'વૃક્ષોનુ મહત્વ'.

**અથવા**

(b) ધ્યાની તેના ભાઈનું કઈ રીતે ધ્યાન રાખતી હતી.

**45.** (a) નીચે આપેલ ગદ્યાર્થનું સંક્ષિપ્તિકરણ કરો.

શિસ્તના બે પ્રકાર છે. સ્વયં શિસ્ત અને ફરજીયાત શિસ્ત. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજીયાત શિસ્ત લાદવામાં આવે છે. પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નિવડતી નથી. સ્વયં શિસ્ત ના વાતાવરણમાં બાળકોનો વિકાસ થાય છે. ફરજીયાત પાળવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. શિસ્તના અભાવે અનેક સમસ્યાઓ ઉભી થાય છે.

**અથવા**

(b) અર્થવિસ્તાર કરો.

હુ મારી માટીનો જાયો, હુ ગુર્જર અવતાર
મારે શિરે ભારતમાતાની આશિષનો વિસ્તાર'

- o O o -